

# આઇ.એલ.ઓ. સંમેલન (પ્રણાલી) ૧૯૦ કાર્યક્ષેત્રમાં હિંસા અને સતામણી અંગેની ચર્ચા કરે છે.

## આવો સી૧૯૦ની બહાલી માટે અભિયાન ચલાવીએ.

## તે જીંદગી બદલી શકેછે.

સંગઠનો તરીકે આપણા માથે એ સુનિશ્ચિત કરવાની મહત્વની ભૂમિકા છેકે આ સંમેલન (પ્રણાલી) કાગળ પરથી વાસ્તવિકતામાં પરિણમે.

આપણે સાથે મળીને કામ કરવાની જરૂર છેજેથી સભ્ય રાજ્યો (રાષ્ટ્રો) આ સંમેલન (પ્રણાલી)ને મંજૂરી આપે અને તેને પોતાના રાષ્ટ્રીય કાયદાઓનો ભાગ બનાવે.

### સંગઠનો શું કરી શકે ?

- જાગૃતિ વધારવી અને સંઘના સભ્યો અને જનતામાં જાગૃતિ લાવવી.
- જાતીય દેશમાં સી૧૯૦ના સમર્થનમાં સક્રિય અભિયાન ચલાવવું.
- કાર્યક્ષેત્રમાં હિંસા અને સતામણીના મુદ્દે સંગઠિત થવું.
- કાર્યસ્થળની હિંસા અને સતામણી નાબૂદ કરવામાં મદદ કરવા માટે અન્ય મજૂર સંગઠનો, રાષ્ટ્રીય કેન્દ્રો, ગેરસરકારી સંગઠનો અને ખાસ કરીને મહિલાઓના અધિકારજૂથો સાથે ગઠબંધન કરવું.
- બહાલીની પેરવી કરવા માટેની સંરચનાઓવિકસિતકરવી.

**અભિયાન સાથે સંબંધિત પ્રચાર સામગ્રી આપ અહીંથી મેળવી શકોછો.**

કયુ.એન.આઇ. ગ્લોબલ યુનિયન www.breakingthecircle.org

પી.એસ.આઇ. www.publicservices.international/campaigns/stop-gender-based-violence-at-work?id=5676&lang=en

આઇયુએફ. www.iuf.org/show.php?lang=en&tid=82

આઇ.ડી.ડબલ્યુ.એફ. www.idwfed.org/en/campaigns/c190

ઇન્ડસ્ટ્રીયલ www.industriall-union.org/women-0

આઇ.એફ.જે. www.ifj.org/what/gender-equality.html

કાર્યક્ષેત્રમાં હિંસા અને સતામણી દરેક જગ્યાએથઇ શકેછે- ઓનલાઇન, ભૌતિક કાર્યસ્થળે, આવતાં-જતાં, જ્યાં કર્મચારીઓ આરામ કરતા હોય, ભોજન લેતા હોય અથવા આરોગ્ય અને સ્વચ્છતાની જરૂરિયાતો પૂરી કરતા હોય એવી જગ્યાએ તેમજ સામાજિક સભાઓમાં પણ.

### આપણેતેનેરોકી શકીએછીએ !

**જૂન ૨૦૧૯માં આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠને ક્રાંતિકારી આંતરરાષ્ટ્રીય ઉપકરણ, સંમેલન ૧૯૦ (સી ૧૯૦) અને ભલામણ ૨૦૬ (આર ૨૦૬) અપનાવીને કાર્યક્ષેત્રમાં હિંસા અને સંતામણીને રોકવાનું આવાહન કર્યું.**

આ નવી પ્રણાલી બધા કામદારો તેમની કરારીય સ્થિતિ હોવા છતાં પણ ઈન્ટર્ન, એપ્રેન્ટિસ, તાલીમ લઈ રહેલા લોકો, જેમનો રોજગાર સમાપ્ત કરી દેવાયો છે તેવા કામદાર લોકો, સ્વયંસેવકો અને નોકરી શોધી રહેલાઓનું રક્ષણ કરે છે.

- આમાં જાતિ (લિંગ) આધારિત હિંસા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.
- કાર્યક્ષેત્રમાં હિંસા અને સતામણીથી મહિલાઓ વધારે પ્રભાવિત થાય છે (ભોગ બને છે).
- આ સંમેલન જાહેર અને ખાનગી, ગ્રામીણ અને શહેરી, ઔપચારિક અને અનૌપચારિક અર્થવ્યવસ્થાનાં બધાં ક્ષેત્રોનેઆવરી લે છે.
- આનો વ્યાપ કાર્યક્ષેત્ર છે, જે માત્ર વાસ્તવિક કાર્ય સ્થળથી ઘણું વધારે છે. સંમેલન ૧૯૦ કોઈને પણ પાછળ છોડતું નથી.

### સી ૧૯૦ શા માટે મહત્વનું છે ?

- કાર્યક્ષેત્રમાં હિંસા અને સતામણી સહન કરવી ન જોઇએ.
- આ એક પ્રથમ આંતરરાષ્ટ્રીય ધોરણછે, જેનો હેતુ કાર્યક્ષેત્રમાં હિંસા અને સતામણીનો અંત લાવવાનો છે.
- આ સંમેલન માને છેકે હિંસા અને સતામણીથી મુક્તકાર્યક્ષેત્ર એ સૌનો અધિકાર છે.
- આ સંમેલન રાષ્ટ્રીય કાયદાઓમાં રહેલ ઊણપને પૂરીકરશે.

# મનોવૃત્તિમાં બદલાવ અને જાતોય સમાનતાને પ્રોત્સાહન

કાર્યક્ષેત્રમાં આપણે સૌ - સરકારો, નિયોજકો અન  કામદારો- એ પરસ્પર અને ગરિમાના આધારે કાર્ય સંસ્કૃતિ પ્રદાન કરવામાં અને તેને જાળવી રાખવામાં એક ભૂમિકા ભજવવાની છે.

- આ સંમેલન કાર્યક્ષેત્રમાં ભેદભાવ અને અસમાનતા વિરૂદ્ધ લડવાનું એક અર્થપૂર્ણ સાધન છે.

- આ સંમેલનમાં કહેવામાં આવ્યું છેકે સરકારો મહિલાઓ, પ્રવાસીઓ, વિકલાંગ લોકો તેમજ બહુવિધ અને પ્રતિચ્છેદિત ઓળખ ધરાવતા લોકોને વર્ણ, જાતીયતા, સ્વદેશી સ્થિતિ, લૈંગિક સ્થિતિ અનેજાતીય ઓળખને આધાર ન માનતાં સૌ માટે રોજગાર અને વ્યવસાયમાં સમાનતા અને ભેદભાવ રહિત સ્થિતિના અધિકારને સુનિશ્ચિત કરતા કાયદા અપનાવશે.

- સંમેલનમાં દર્શાવ્યા મુજબ કાર્યક્ષેત્રમાંજોખમનું આકલન કરવાથી મનોવૃત્તિમાં ફેરફાર કરવામાં પણ મદદ મળી શકેછે. કારણકે તેમાં જાતિ આધારિત હિંસા અને સતામણીને વધારતાં લૈંગિક સ્થિતિ, સામાજિક અને સાંસ્કૃતિક માપદંડોજેવાં પરિબળોને ગણતરીમાં લેવામાં આવેછે.

- અને સી ૧૯૦ માં પ્રથમવાર, ઘરગથ્થુ હિંસાને પણ એવા ઘટકના રૂપમાં સામેલછે, જેરોજગારને પ્રભાવિતકરેછે અને સાથેસાથેકામદારોના આરોગ્ય અને સુરક્ષાને પણ પ્રભાવિતકરેછે.

## હિંસા અને સતામણી શું છે ?

- હિંસા અને સતામણી એ અલગ – અલગ અસ્વીકાર્ય વ્યવહાર અને પ્રથાઓઅથવા ડર છે, જે એક અથવા વધુ વાર થઈ શકે છે. તેનો હેતુ કે પરિણામ અથવા જેના પરિણામે શારીરિક, માનસિક, જાતીય અથવા આર્થિક નુકસાન હોઈ/ થઈ શકે છે.

- હિંસા અને સતામણી શારીરિક દુર્વ્યવહારથીપણ વધારે હોય છે. તે શારીરિક સતામણી, શાબ્દિક અને ભાવનાત્મક દુર્વ્યવહાર, ડરાવવું, ધમકાવવું, ધમકી અને પીછો કરવાનું રૂપ લઈ શકે છે.સંસાધનોથી વંચિત કરવું અથવા સેવાઓ સુધી પહોંચ અને સ્વતંત્રતાની અન્ય વંચના પણ હિંસાનાંસ્વરૂપો છે.

- અપરાધી નિયોજકો, વ્યવસ્થાપકો, સુપરવાઈઝરો, સમકક્ષ, સહકર્મચારીઓ હોઈ શકે છે, એ સાથે ગ્રાહક, નિયોજકના સંબંધી, મિત્ર અથવા સેવા રદાતા જેવા ત્રીજા પક્ષકારો પણ હોઈ શકે છે.

- હિંસા પુરૂષો અને મહિલાઓ બંનેને પ્રભાવિત કરે છે, જોકે મહિલાઓ પ્રમાણમાં વધારે પ્રભાવિત થાય છે.

- જ્યારે કોઈ વ્યક્તિ પર તેના જાતિ અથવા લિંગના કારણે હિંસા કરવામાં આવે છે, ત્યારે તેને જાતિ આધારિત હિંસા કહેવામાં આવે છે.

- દર ત્રણ  મહિલાઓ અથવા છોકરીઓ પૈકી એક પોતાની આર્થિક સ્થિતિ ગમે તે હોવા છતાં પણ પોતાના જીવનકાળમાં હિંસાનો અનુભવ કરે છે.

# સી ૧૯૦ અનેકામદાર સંગઠનો- આ આપણું ઉપકરણછે અને આપણે તેનો ઉપયોગ કરવો જોઇએ.

### સંમેલન (પ્રણાલી) ૧૯૦ અંતર્ગત:

- ઘરગથ્થુ હિંસા સહિત જાતિ આધારિત હિંસા અને સતામણીને કાર્યક્ષેત્રમાં સુરક્ષા અને આરોગ્યના મુખ્ય પ્રવાહમાં લાવવી જોઇએ.
- નિયોજકો/ નોકરીદારાઓએ કામદાર સંગઠનોની સાથે મળીને હિંસા અને સતામણીને રોકવાના ઉપાય કરવાની અને કાર્યસ્થળની નીતિઓનેવિકસિત કરવાની જરૂર છે.
- સરકાર દ્વારા કામદાર સંગઠનોને કાર્યક્ષેત્રમાં જાતિ આધારિત હિંસા સહિત હિંસા અને સતામણીનેરોકવા અંગેજરૂરી સંસાધન અને તાલીમ પૂરાં પાડવાનું અનિવાર્ય બનાવેછે.
- સી ૧૯૦ને આઇ.એલ.ઓ.ના બે સભ્ય દેશો દ્વારા મંજૂરી મળ્યાના ૧૨ મહિના પછી લાગુ કરાશે. પરંતુ, સંગઠનોએ તેની મંજૂરીની પ્રતિક્ષા કરવાની જરૂર નથી. કામદારોના જીવનને બદલવા માટે આપણે પહેલાંથી આ સાધનનો ઉપયોગ કરવો જોઇએ.

આઇ.એલ.ઓસ.
સંમેલન
૧૯૦

### સી ૧૯૦ કામદાર સંગઠનો અને અન્ય હિતધારકોનેકાર્યક્ષેત્રમાં હિંસા અને સતામણી સામે લડવા માટેગતિ પ્રદાન કરે છે.

### આવો હવે તેનોઉપયોગકરીએ.

- સી ૧૯૦ કામદાર સંગઠનો અને અન્ય હિતધારકોનેકાર્યક્ષેત્રમાં હિંસા અને સતામણી સામે લડવા માટેગતિ પ્રદાન કરેછે. આવો હવે તેનોઉપયોગકરીએ.
- અભિયાનો અને સમજૂતીઓની સામૂહિક વાતચીતના માધ્યમથી ભેદભાવ રહિત અને સમાનતાના વાતાવરણને પ્રોત્સાહન આપીએ.
- કાર્યક્ષેત્રમાં હિંસા અને સતામણી અંગે સભ્યોનેજાગૃતકરીએ.
- સી ૧૯૦ અનેતેના મહત્વ અંગે સભ્યો વચ્ચેજાગૃતતા વધારીએ. સી ૧૯૦ એક જીવનને બદલનાર પ્રણાલીછે. જે લાખો શ્રમિકોને સુરક્ષિતકાર્યક્ષેત્ર મેળવવામાં, હિંસા અને સતામણીના બધાં રૂપો, ખાસ કરીનેજાતિ આધારિત હિંસાને સમાપ્તકરવામાં મદદકરશે. આ ઉપકરણો (સી ૧૯૦/ આર ૨૦૬) ના આધારે સમજૂતીની સામૂહિક વાતચીતમાં આ ભાષાને સામેલકરીએ.
- આરોગ્યઅને સુરક્ષા નીતિઓમાં હિંસા અને સતામણી અને ખાસ કરીનેજાતિ આધારિત હિંસા સામેલ હોય એ સુનિશ્ચિતકરવા માટે નિયોજકો સાથે મળીને કામ કરો.
- કાર્યક્ષેત્રમાં હિંસા અને સતામણી સામે લડવા માટેના ઉપકરણો (સી ૧૯૦/ આર ૨૦૬) પર આધારિત ભાષાને સામેલકરવા માટે વૈશ્વિક સ્થરની સમજૂતીઓની વાતચીતમાં વૈશ્વિક સંગઠનો અને ફેડરેશનના કાર્યનું સમર્થન કરીએ.